શિદ્ધ ક્ષેત્ર મહાત્મ
પંચ તિર્થિ

૩૦૯૪

:o:

સઘળા વૈશ્નવ ધર્મીઓને સારૂ
બનાવી પ્રસિદ્ધ કરનાર

દેશી વઇદ મણીલાલ લલુભાઇ.

અમદાવાદ

માણેકચોક આગળ કાગદીઓળની સામે
શા૦ હીરાભાઇ પુંજાસાના મકાનમાં
"અમદાવાદ ટાઇમ્સ" પ્રેસમાં

કાળીદાસ સાંકળચંદે છાપ્યુ.

સંવત ૧૯૪૩ સને ૧૮૮૭

કીંમત એક આનો.

શિધ્ધક્ષેત્ર મહાત્મ.
પંચતિર્થિ

—:o:—

ગરબો.

શિધ્ધ ક્ષેત્ર તે શિધ્ધપુર શહેરરે બ્રહ્મ નિવાશીરે,
શોભ સરસ્વતિ કેરીરે લહેર કૈલાશ કાશીરે. ટેક
જેવી કાશીપુરી કહેવાયરે એવી શિધ્ધપુરીરે,
વસે ઉતરવાશી વિપ્ર સંધ્યા યૂકત શુરીરે. ૧
જ્ઞાતે અઉદીચ બ્રાહ્મણ સારરે વસે નગ્રમાંહીરે,
શ્રેષ્ટ વિધા ધર્માચાર બેઠા વિપ્રો સાહીરે. ૨
બીજી જ્ઞાતિ તે વરણ અઢારરે તાઇ તંબોલીરે,
નાવે પંચ તિરથીનો પાર શું કહુ બોલીરે. ૩
માટે સંક્ષેપમાં હું ગાઇરે રહ્યો આંહી બેશીરે;
આવ્યો ગોવિંદ માધવને ઘેર હુંતો પરદેશીરે. ૪
થઇ અતિથી વિશ્નુ ધામરે દરશન આવ્યોરે,
નામી ગોવિંદ માધવને શિષ લીધો લાહાવોરે. ૫
ત્યાં દેખવા દેવ દેદારરે નગ્ર લોક આવેરે,
લેઇ માલણ્યો પાસેથી હાર હરીને ચઢાવેરે. ૬

ફરી પ્રદક્ષણા લાગે પાયરે પછે ઘંટા વાંજેરે,
દેવ દરબારે દિન રાત આંગડ નોબત ગાજેરે. ૭
શોભા સુંદીર દેવ દરબારરે ખામી ના કાંઇરે,
દિઠા મહાલક્ષ્મી શુભ માત દેવ માડ માંહીરે. ૮
ત્યાંથી કરવા નિકળ્યા સૌ તિર્થરે આવ્યા બ્રહ્મ ઓળેરે,
ફતે દરવાજે સુર્યનો કૂંડ ફરી કીધાં ખાળેરે. ૯
આવ્યા ત્રણ ચકલે જોઇ ધામરે દ્રષ્ટે ન્યાળીરે,
તેવે દિઠો ત્યાં ઘટનો પોળ ગંગા તૃઠ ભાળીરે. ૧૦
સુંદીર શોભા સરસ્વતી તીરરે તેજ જાગે સુરીરે,
શિવ દેવલનો નાહી પાર એવી બ્રહ્મપુરીરે. ૧૧
પ્રથમ નમ્યા ભોળા મહાદેવરે ભવભૂત નાથરે,
હટકમાણીનું સુંદીર ધામ વાડીમાં શિદ્ધનાથરે. ૧૨
મોક્ષ પીપલો સ્વર્ગ દ્વારરે મોક્ષ ત્યાં મળશેરે,
પ્રેમે કરશો સરસ્વતિ સ્નાન ભવસાગર તરશોરે. ૧૩
સોનીવાડીમાં વાગીશ્વરી માતરે સતિ તે ઠામેરે,
નાર ગુંમાવાના કોટ મોજાર શિવ બાળારામેરે. ૧૪
વેરાગીની તે વાડીમાંથરે નરસિંઘ દેવરે,
એ વીના બીજાં શીવાલયરે ઘણાં છે એવરે. ૧૫
એમે કર્યાં સર્વે દરશનરે હીરવાડે આવ્યારે,
નમ્યા છ ખીલા હનુમાન રામ ભકત ભાવ્યારે. ૧૬

ચમત્કારી ઉગ્ર હનુમાનરે મહાવિર ખંકારે,
કરે ભક્ત તણું પ્રતૃપાળ અસુરે દીધા ટંકારે. ૧૭
ગયા ઘાટની બારી જ્યાંયરે લહેર લેવા માટરે,
સુંદીર સરસ્વતી તીરે જાણુ ગણપતી ઘાટરે. ૧૮
વિશ્નુ પાદકાનો ત્યાં ધામરે ઉત્તર ક્રીયા થાયરે,
પ્રાપ્તિ પામે પરમપદ વાસ નિરમળ જશ ગાયરે. ૧૯
રૂદ્રમાળાને રૂદ્ર ઘાટરે ગંગાની તિરરે,
ત્યાં પાણી ભરે પાણીયાર નિર્મલ નીરરે. ૨૦
આવ્યા પગવાદળની પોળરે પામ્યા સુખ શાતારે
ત્યા ભવ દુઃખહારણ દેવ ભદ્રકાળી માતારે. ૨૧
ખાતરવાડે દેવા હરગોદધરે વારાહી દેવીરે,
સ્વામી શેજાનંદનું મંદીર શોભા જોવા જેવિરે. ૨૨
એમ દીઠા દેવ દેદારરે મારે મન ભાવ્યારે,
હેત ધરી તે હૈયામાંય કોઠારીવાડે આવ્યારે. ૨૩
અલકનાથને અંબિકા માતરે પ્રેમ ધરી પરખોરે,
પ્રત્યક્ષ દેવ દેખો આ ઠામ નેહ ધરી નરખોરે. ૨૪
આવ્યા હલવાને ચકલે ઝટરે કિધો વિચારરે,
પહેરાવ્યો માલણે હાર કવિ કંઠે ઝારરે. ૨૫
પૂષ્પ સુગંધી મય અપારરે માંહી જાઇ જુઇરે,
જોશીયોની ખડકી પાસ ગણેશાની કુઇરે. ૨૬

નિરખ્યો ખીજ્ઞાતરવાડો શ્રેષ્ઠરે કનકેશ્વરી માતારે,
સામા આશાપુરી સાક્ષાત દેવી સુખદાતારે. ૨૭
આવ્યા ઝાપલી પોળે આણંદરે દિઠું જૈન ડેરૂરે,
આગળ હોરવાડ છે હયાત સ્થળ યવન કેરૂરે. ૨૮
ત્યાંથી પાછા ફર્યા ફરી પ્રેમરે પટલોકને માડેરે,
નમ્યા સિદ્ધનાથ ધારંબા માત તેને તેજ દહાડેરે. ૨૯
નિશાળ ચકલે તે ગોવરધન નાથરે જોઇ ઘોળી ઓળરે,
આવ્યા દરબાર આગળ જાણુ કરી ઘણી ખોળરે. ૩૦
અમે જોયો સુંદર દરબારરે ચોંપે તે દીશેરે,
રણ મુક્ત કરણહાર દ્વારકાંદીશારે. . ૩૧
ગોપીનાથને કલ્યાણરાયરે મંદીર તાંહીરે,
ઉલટ ધારી અંગમાં વિશેષ બાલ બહુચર બાઇરે. ૩૨
ફર્યા દેવ દરશાનને કાજરે વિચારી પલ પલરે,
મંદી તળે આવ્યા કવિરાજ દિઠા ધુંધલીમલરે. ૩૩
બારવાડે દેવી ખોડીયારરે ગોપાળરાય એવરે,
ત્યાં નિરખ્યા પંચ વદન નિલકંઠ માહાદેવરે. ૩૪
ફુલમાળી ફુલેશ્વરી આઇરે ઉપલી શેરીરે,
જેની ક્ષાતિ શિદ્ધક્ષેત્રે જાણુ મૈયા મેરીરે. ૩૫
બ્રહ્મ પોળે શોવ જગનાથરે સામા હનુમાનરે,
એમ નિરખી દયાનીધી દેવ વળીયા નીદાનરે. ૩૬
એમ જોયું તે સિદ્ધપુર શાહેરરે હૈયે હેત લાવ્યારે,

ઓલવાડે આવ્યા ધરી પ્રેમ મીત્ર મન ભાવ્યારે. ૩૭
દીઠા મંદીર ત્યાં દયાળરે હરી રઘુનાથરે,
ખીજુ બાલાજીનું સાર મંદીર સાથરે. ૩૮
લક્ષ્મીપોળમાં લક્ષ્મીનારાણરે, શોભા સારીરે.
પથર પોળે શામજીનું મદીર, નમ્યા ગીરધારીરે. ૩૯
વળી તેજ પોળે નિરધારરે, દીઠા એવરે.
કુઇ ઉપર નિરંજનનાથ, કોટેશ્વર મહાદેવરે. ૪૦
આગળ વાડી બ્રાહ્મણોની સારરે, તેમાં અંબા દેવીરે;
થાય ત્રીકાલ પુજા નિત્ય, બ્રાહ્મણોએ સેવિરે. ૪૧
દરશન કીધાં દેવી દયાળરે, ધારી ધીરરે.
ત્યાંથી ચાલ્યા ચોંપે નીરધાર, આવ્યા જળીયા વીરરે.૪૨
કુઇ ગણપતિ કેરી જાણરે, બહુચર બાઇરે.
નમ્યા સઘળે આણી હેત, ચાલ્યા બેઠક જાંહીંરે. ૪૩
કર્દમ પ્રજાપતિનું સ્થાનરે, બેઠક તેમાંરે.
રામ લક્ષ્મણ મારૂતિ સ્થાન દ્રષ્ટે દીઠું એમાંરે. ૪૪
નામ્યું આચારજીને શીષરે અંબાનું સ્થાનરે,
આવ્યા ચોતમાં ચેતી ત્યાંય ઝીઝીના હનુમાનરે. ૪૫
બાખ ચોક મધ્યે શીદ્ધનાથરે મુનીની જાગરે,
જ્ઞાન વાપીકાનું કર્યું સ્નાન વિચારી લાગરે. ૪૬
નામી મહાકાળીને શીષરે આવ્યા અલ્પા તીરરે,

લઈ તેનું નિર્મળ નીર ચઢાવ્યું મે શીરરે. ૪૭
બીંદ સરોવરે આવ્યા જાણુરે થાવા શીતળરે,
કર્દમ પ્રજાપતીને નામ્યુ શીષ થયા નીર્મળરે. ૪૮
દેવ હુતિ કપીલ મુની દેવરે રહ્યો શિષ નામીરે,
દેવ ગદાધરને લાગ્યો પાય કાર્તિક સ્વામીરે. ૪૯
વિશ્વનાથ બીજા મહાદેવરે નમ્યા અનુક્રમરે,
પાવન સ્થલ જાણુ કૈલાશ વ્યાસ આશ્રમરે. ૫૦
ત્યાંથી ચાલ્યા વટેશ્વર મહાદેવરે પાંડવ પાચરે,
શુભ સરસ્વતિ કેરી તીર ગયો હું તો સાચરે. ૫૧
દીઠો દધીચીનો આશ્રમરે સાંડિલ કુંડરે,
તેનો અષ્ટાશ્રી આકાર પાવન સ્થળ શુદ્ધરે. ૫૨
ગામ દેથલી કેરી પાસરે ચામુંડાનો પારોરે,
આવ્યા સરસ્વતિની તીર ગુહેશ્વનો આરોરે. ૫૩
એકદ્વાર તિરથની માંયરે કરે જો સ્નાનરે,
ધનકે તુ ઉધરીયો જેમ તેવું ફળ નિદાનરે. ૫૪
ત્યાંથી ચાલ્યા પ્રેમ ધરી મંનરે શસ્ત્રકળા દેવિરે,
દેવળપુરીની થળી જાણુ શોભા જોવા જેવીરે. ૫૫
વળી વાલખીલેશ્વર દેવરે દત્તાત્રી શુંદરે,
નમ્યો બ્રહ્માંડેશ્વર મહાદેવ અને બ્રહ્મકુંડરે. ૫૬
હિંગળાજ હિંગોળી માતરે અરવદનાથરે,

ચંપકેશ્વર મૃગીકુંડ જાવો તેતો સાથરે. ૫૭
વૃખ મુનિનો ટેઓ ત્યાંયરે વૃકીનો આરોરે;
ત્યાં હરણી પામી છે મોક્ષ રૂદેમાં ધારોરે. ૫૮
આવ્યા ખટાલીયા હનુમાનરે બ્રહ્માણીમાતારે,
દરશન વિજળા દેવિનું જાણ ધારદેવિ દાતારે. ૫૯
એમ ફર્યા તીરથ અપારરે અમે અનુક્રમરે,
તિર્થ મહાત્મ તણો નહીં પાર બગદાલવ આશ્રમરે. ૬૦
બીજા શુભ તીરથ છે જાણરે નવ આવે પારરે,
કાશી ક્ષેત્ર જેવું શિધક્ષેત્ર સરસ્વતી સારરે. ૬૧
કરશે તીરથ ધરીને પ્રેમરે મોક્ષ તેને મળશેરે,
તેનાં કોટી જનમનાં પાપ સાહેજમાં ટળશેરે. ૬૨
તીરથ પુંઠે પ્રદક્ષણા સાતરે પ્રેમ ધરી કરશેરે,
તેને અર્થ કામને મોક્ષ કાજ સહુ સરશેરે. ૬૩
એક ગાયો તણો ગોવાળરે ગાય પુંઠે ફરીયોરે,
અજ્ઞાનપણાથી તેહ સાહેજે ઉધરીયોરે. ૬૪
એમ ફેરા ફર્યો તે સાથરે ધેનુને કાજેરે,
આવ્યું ઓચીંતુ વઈમાન પામ્યો મોક્ષ સાજેરે. ૬૫
માટે તીરથ કરતાં જનરે ગરબો આ ગાશેરે,
તેને મન વાંછિત ફળ સાર પ્રાપ્તજ થાશેરે; ૬૬
આયાં તીરથ ક્ષેત્રના જાણરે પહોંચ્યા કોડરે,

કવિરાજ કહે સા ભાઇ બોલો શ્રી રણછોડરે. ૬૭
ગરવો ગુજરદેશ વિખ્યાતરે રાજભુમી જ્યાંહીરે,
વસે કવિ બાળાનો ઉપાસ રાજનગર માંહીરે. ૬૮
ત્રિમ ભટમેવાડો કહેવાયરે યજુર્વેદરે,
વાત્સ્યસગોત્રે થયો ઉત્પંન ત્રીપરવર ભેદરે. ૬૯
જપે જંત્ર મંત્ર અનુષ્ટાનરે બાળાની મહેરરે,
આવ્યો તીરથ કરવા કાજ ઉઠી મન લહેરરે. ૭૦
થઇ સંત કવિનો દાસરે ગાયો આ ઠામરે,
ગરબો આણ્યો તે પુરણ પ્રેમ કવિ મણીરામરે. ૭૧

પદ.

બહુચરબાઇ સુણો અર્જ માહારી, ટેક
શ્રુષ્ટિ મંડાણે તુ છે શક્તિ, જાણે કો વિરલા વીરક્તિ
ભાવે ભવાની કરે તે તાહારી ભક્તિરે બહુચર ૧
વેદ શ્રુતિમાં તુજને વર્ણું, વ્યાપ્યા શ્રુષ્ટિ તેજાવર્ણું.
માત્ર અડસઠ તિરથ તહારે ચર્ણેરે. બહુચર ૨
બ્રહ્મા વિશ્ણુ નારદ શારદ, તે સહુ જાણે તહારૂ હારદ;
તાહારા તેજમાં તે સહુ ગારદરે. બહુચર ૩
જક્ત બીજ જનુની જાણી, શેવું શક્તિ ઉલટ આણી;
મને જાણી પોતાનો લેજો તાણીરે. બહુચર ૪
સચરાચરમાં તુ સંમાયા, માર્કંડે ગુણ તહારા ગાયા.

ભાવે ભજે તેની વારે ધાયારે. બહુચર ૫
ગંગા જમના નર્મદા કાશી, માન સરોવરે રહ્યાં પ્રકાશી
માની સેવામાં હજાર સ્વર્ગ વાસીરે. બહુચર
ચર્ણામ્રત બાલાનું લેજો, આવે તનમાં તેથી તેજો,
મણીરામને માતા દરશન દેજોરે. બહુચર ૬

પદ.

મંમાયા માહારી ઝાલજો તમે બાંહી ટેક
ભક્તિભવાની લેશ નહીં મારે, તુજ વિના મને કોણ ઉગારે
બાળા ત્રીપુરા ચઢજો મહારો વારેરે મંમાયા ૧
પલપલનો છું હું અપરાધી, નામ લીધું નહીં તાહારૂ સાધી,
કુડ કપટે રાખ્યો મને બાંધીરે. મંમાયા ૨
દંભ કરીને ફરતો ધરણુ, ચિત ના રાખ્યું તહારે ચરણુ;
હવે આવ્યો મંમાયા તહારે શરણુરે મંમાયા ૩
કાલ સુત્રનો ભય ના જાણ્યો, પાઠ તાહારો રૂદેના આણ્યો;
ભટકયો ભુતળમાં સોખ માણ્યોરે મંમાયા ૪
'માનસરોવર હવે મા નહાવું', ભક્તિ કરીને પાવન થાવું.
માજી ચર્ણુ તે તહારા હું તો ચહાવુંરે. મંમાયા ૫
જેવો તેવો દાસ છુ તહારો, ગમે તો તારો કે મારો;
મેં તો સોંપ્યો છે બહુચરબાઇનો પારોરે. મંમાયા ૬
જંત્ર મંત્રનો ભેદજ જાણી, મંમાયાને લીધાં મેં માની,

મણીરામનો માતા કલ્યાણીરે. મંમાયા ૭

પદ

પુજન કીજે ભાવથીરે ભવાની ટેક

પ્રાણ અપાન વાયુને રૂંધિ, કરવી તનડા કેરી શુધિ;
કરીયેન્યાસ ધ્યાનને શુદ્ધ બુદ્ધિરે. પુજન ૧

પ્રક્ષાલન પ્રેમેથી કીજે, માન સરોવર જળ ભરી લીજે;
માને અર્ગ તે ભાવે ભાઈ દીજેરે. પુજન ૨

શણગાર માને સુંદર કરીયે, જેથી ભવ શિધુંને તરીયે;
માના ચરણામાં ચિત આણી ધરીયેરે. પુજન ૩

ગંધાક્ષ તે પુજો શકિત, ધુપ દિપ કરજો ભકિત;
માના પુજન સમે રહેજો વિરકિતરે. પુજન ૪

પ્રથમ દ્વિતિયા માને ચરણ, અરપો કરી પ્રેમ આવણ;
શોંત્રિ શકિતને રહેજો સહુ સરણરે. પુજન ૫

સેવો શકિત થઇ તદાકારે, એકો વ્યાપી નિરાકારે;
જ્ઞાન ધ્યાને લ્યો એનો આધારેરે. પુજન ૬

ચરણામાં ચિત માને ધરશો, ચોરાશીનો ફેરો તરશો;
મણીરામ દીલમાં નવ ડરશોરે. પુજન ૭

પદ.

ભજવાંરે ભાઈ ભાવથીરે ભવાની ટેક.

ભાવ વડે ભવાનીરે ભજવાં, કલીમળ અંતરથી સહુ તજવાં;

હુતે માંડો બાળાનું પુજન સજવારે. ભજવાં ૧
માનસરોવર નાહે ઉલાશી, અડસઠ તીરથ રહ્યાં પ્રકાશી;
માને ચરણે તે કોટીક કાશીરે. ભજવાં ૨
બાળા ત્રીપુરા નામ આધારે, કઈક જન ઉતરીયા પારે;
માજી કષ્ટ સમે ધાયાં વ રેરે. ભજવાં ૩
ગરવ તજી ગાયત્રી ગાને, સુર મુની સાધુ જેને માને;
વિરા વખત ગુમાવે તુતો શાનેરે. ભજવાં ૪
ગાગી સુતને બ્રહ્મપદ આપ્યું, દેવોનું સાદુ કષ્ટજ કાપ્યું;
ભયભંજતી નામજ સ્થાપ્યુંરે. ભજવા ૫
માજી સૃષ્ટિ તેજતરાંગું, શેવો શાણા તેના ચર્ણું;
દેખો પ્રત્યક્ષ પારખુ ધાર્યુંરે. ભજવાં ૬
જે કોઇ કરશે એની ભક્તિ, બાળાની થઈને વિરક્તિ;
માણોરામની ઇષ્ટ ઇચ્છા શક્તિરે. ભજવાં ૭

સમાપ્ત.